વંદેમાતરમ

હિંદનો હીરો



પ્રકાશક કાંતીલાલ ફગીદાસ શાહ

ડોકડીઆની પોળ-અમ

કીમત ૦-૧-૦

લેખક

મણીશંકર વ્રજેશંકર

ઠે. માંડવીની પોળમાં શેઠની પોળ

અમદાવાદ,

શ્રી મહાલક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસમાં ગોરધનલાલ [illegible]

[illegible] છાપ્યું રીલીફરોડ ભાલાકુવાન—અમદાવાદ.

૧

અમરનામ ક્યારે કરશો, ?

(ગઝલ કવાલી)

અમુલા હીંદના વાસી ફરી દેખાડસો ક્યારે.
પરાક્રમ વીરતનું જોતાં ફરી દેખાડસો ક્યારે ?
હતા પુર્વે બહુ મોટા, થાઓ નહી તમે છોટા,
પડયા જે વિર્યના તોટા તમે દેખાડસો ક્યારે ?
કહોછો હીંદ પુત્ર છું, કહોછો હીંદ સુ પુત્ર છું.
થઈ સત્યાગ્રહી હવે સાબીત તમે કરસો ક્યારે ?
વડીલો હીંદના શુરા, શુરાતન જણાવીને.
હીંદ પાવન તો કરતા તમે તે કરસો ક્યારે ?
હતા જ્ઞાનેશ્વરી સુરા. તીલક સમ હતા પુરા,
દીપાવતા હીંદને પુરાઃ તમે તે કરસો ક્યારે,
હમેસાં દેસ હીત ચહાતા. સદા સંપુર્ણ દુખ સહેતા,
મહા બળવાન સુખ દાતા અમર નામ કરસો ક્યારે ?
જગતમાં કીર્તી કરનારા અમરનામ સદા ધરનારા.
અસલ ઉત્સાહ ધરનારા તમે તે કરસો ક્યારે ?
મણીશંકર ઉત્સાહથી બોલે અમરનામ કરો સત્ય તોલે,
સ્વદેસ ભકતી ધરનારા તમે તે કરસો ક્યારે ?

૨

[ભૈરવી ગઝલ]

હાર નહી તું હીંદ વીરલા મહેનતે સહુ થાય છે.
સત્ય રીતે કામ કરતાં સફળ મહેનત થાય છે.
જ્યાં હીંદની કીરતી સદા સંતાનોથી થાય છે.
સ્વરાજ લેવું સહેલી રીતે સંપથી જણાય છે,
હીંદુ અને મુસલમાન ઐકય રાખો હેતથી,
દુરાચારો દુર કરી સંપ રાખો ઠેડથી,
હીંદમાં જનમ્યા બધા તે ભાઇઓ સમજાણજો,
ફરજ તમારી સત્ય જાણી કુસંપને તમે ટાળજો,
લેખાં બધાં આ જીંદગીનાં ભુલતાં ફરીથી ગણો.
ફુલે અને ભુલે બધા એ એમ રીત જણાય છે.
એક શ્વાસે કઠીન કામો ઝટતો થાતાં નથી.
આફતો બહુ વેઠતાં ફરજતો પળાય છે,
ધાર્યો નીશાનો સત્યનાં તે કઠીન કામે થાય છે,
ધાર્યો ફળોને પામવા એકચતા જણાય છે,
હીંદ વીરલા જાગ જો વીનતી સુણો માહરી,
અવગુણોને દુર કરી સંપ રાખો જાળવી.

૩

(ગઝલ કવાલી)

પ્યાલો,

અજબ આ હીંદનો પ્યાલો, હમોને પ્રાણ પ્યારો છે,
અમર પદ પ્રાપ્ત કરનારો સકળને સુખકારી છે,
હમારી ઇષ્ટતા એમાં ગણી છે શ્રેષ્ટતા જેમાં,
સકળ સત્તા હરફ તેમાં હીંદનો પ્રેમ ન્યારો છે,
કરે જડમાં જીવન ફૂતી ધરે સજીવનની મુર્તિ,
અમીમય પ્રેમની પુર્તી હીંદને પ્રેરનારો છે,
હૃદય સર્વસ્ય સોંપીને નીયમ હોરો વિલોપીને,
મનોમન ગાંધીને ભેટો અજબ કંઇ પ્રેમ ધારીને,
ભજે છે હીંદ જન સર્વે રાચે છે સર્વ લોકોતો,
કહે છે જાન જોડી દો પછી કોણ હારનારો છે,
ભરી છે ઇશની બુદ્ધી મળી ત્યાં હીંદની શકતી,
થઇ છે જયાં દીવ્ય શકતી મહાજન ખેલનારો છે.
હમારી હીંદ માતાને હમારા ગાંધીનાં વચનો,
ભરીને હેતથી પીતાં બીજો બધો લવારો છે.
સ્વરાજ્યનો કનક કયારો વીર જનનો સુખ આરો,
સંપ સંપી રહેનારો અમારો એજ પ્યાલો છે.

૪

(કવાલી ગઝલ)

નથી પરવા.

સુખેથી જેલમાં જાસું ન આપોતો નથી પરવા,
અમારા દેસને કાજે મળ્યા રત્ન આવ્યું મળવા,
વિદેસી રીતને કાઢી સ્વદેસી રીતને કરવા.
વિદેસી વસ્ત્રોને કાઢી સ્વદેસી વસ્ત્રોને ધરવા.
સ્વદેસી વીરલા જાગો રૂડાનો રે'ટીઆ રાખો.
સુતરનો તાંતણો કાઢી સ્વરાજને સાંધો,
પરદેસી માલને ત્યાગો સ્વદેશી માલને રાખો,
પરદેસી માલતો જાએ સુખેથી આબાદી થાએ.
સ્વદેસી હુન્નરો કાઢી વિદેસી હુન્નરો ટાળી.
સ્વદેસી કામ સૌ કરસો સુખેથી શાંતી જાળવજો,
ગણ્યા આધાર આશાના ટળ્યા વિચાર નીરાસાના,
ભલે આડાં ધરી બાનાં ન આપોતો નથી પરવા,
કરેલો સત્યનો દાવો નથી તે પાળતા કોલો,
બોલેલા સત્યના બોલો ન પાળો તો નથી પરવા,
મણીશંકરની વીનંતી સુણી હીંદ વીરલાઓ,
હવેતો સત્યથી લેજો સ્વરાજ્ય પોતે દુઃખ ટાળવા,

૫

(ગેઝલ કવાલી)

અડગ ટેક

કદી આકાશ શીર તુટે છતાં એ સત્ય નહી ચુકે,
કદી જો વૃજથી કુટે છતાં એ સત્ય નહી ચુકે.
સુતર તારી લગન લાગી રોમરોમ અંગમાં વ્યાપી,
ન ચાલી જાય ઉર ઇચ્છા છતાંએ સત્ય નહી ચુકે,
પુરો ભલે કેદખાનોમાં સ્વરાજ્ય શબ્દો ઉચ્ચાર્યોમાં.
પ્રગટસે આપ એ જયોતી છતાં એ સત્ય નહી ચુકે.
ઉચારો શબ્દ ગાંધીના ઉઘાડી આંખ સૌ જગની.
જગાડયા હીંદ લોકોને છતાં એ સત્ય નહી ચુકે,
જણાવ્યું સત્ય ગાંધીએ તમેતો સત્યથી બોલો.
રીતી ભીતી નહી ત્યાગો છતાંએ સત્ય નહી ચુકે,
તજસો દેહના બંધો વધારો સ્નેહથી સંબંધો,
હૃદયથી મર્મ બાંધીને ક દીલેસત્ય નહી ચુકે
કરમાએ સરીર સુખે છતા સ્વરાજ્ય નહી ચુકે,
ઉચ્ચારોતો સદા હાડો કદીએ સત્ય નહી ચુકે.
કહું છે આજ જોનારા થશે એ સર્વ રોનારા,

કરનારા હીંદ થાશો કદી એ સત્ય નાહી ચુકે.

૬

કવાલી ગઝલ

ટેક

અરે ઓ હીંદના વાસી હમેના સંપ [illegible].
તમે તો દેશને માટે બધુ આપજો [illegible]

નકીસો તો તમો વીરા સત્ય ટેકજ રાખજો,
સત્યથીનો સ્વરાજ્ય લેવા પ્રભુજી આશરો [illegible]
તીલક જેવા થયા વિરા સત્યથી મોટા ધીર..
અમર પદતો પોતે લઇને સ્વર્ગ સીધાવ્યા તો વીરા,
સદાનો સુખ છે સત્યમાં અસત્યે આબરૂ જાશે.
સ્વરાજ્ય પોતે લેવું તો ઐક્યતા કરો આજે.
ગુરૂ મળ્યા ગાંધીજીતો સુખ હવે નથી બાકી;
મહમદ જેવા મંત્રી જાણ્યા જેણે તુરત કર્યો રાજી
શોકતઅલી શસ્ત્ર લાવ્યુ અમરનામ સદા રાખે,
મન્ય સેવાનો લીધ માતાની કુખને નય અલુકારે,
જેલ ભોગવશે દુઃખ વેઠશે અંતે સત્યનો જાશે

ઐક્યતા પોતે સાધી લઈને અંતે સત્યાગ્રહ કરસે.
કષ્ટ કુમોની વાત શું બીને વેલાવેલા ઐક્ય કરો.
સ્વરાજ્ય લેસો સત્ય ધર્મથી ને દુઃખને સહાકરશો.

ગઝલ કવાલી

૯

નથી જાણ્યો ભેદ હમોએ તરા દીલનો કદી એ
ન આવ્યાં કેનાં આંસુ ચડાવી સંગ દીડાળે,
હજ્રત આનંદથી જ્યારે અમે જ્યાની સહિ રોયા.
અમારા દીલમાં હાલે પધાર્યા છે ઘણા વીરા.
તિલક જેવા હતા હુરા પધાર્યા સ્વર્ગે પુરા,
ગયા નેથી નહીં આવાના હમેનો સત્યમાં તરવાના.
મહમદ અને શૌકત અરે શોં જેલમાં પોતે ગયા,
પણ શુધ્યું એ ગની પણ અમે તો નહિ બીવાના
હમારિ દીલમાતા છે જનેતા હિન્દ સાચી છે,
હૃદયથી ભાવના રાખી સુખેથી શાંતી દાખી,
કહે છે ન્યાય કુદરતનો સત્યતા અંતે તરશે.

અન્યાયી જે હસે તેતો અંતે બહુ દુઃખી થાશે.
માટે મીત્રો તમે મારા પછી સૌ મન ધારો.
ફતેહ થાશે ગાંધીજીની એજ વચન સૌ ઉચ્ચારો.
મણીશંકર વાત કરે છે સાંભળજો તમે નરનારી,
સંપ વિના તરવાની એકે જગમાં બીજી નથી બારી

૯

ગરબો

રાગ—રઘુપતી રામ હૃદયમાં રહેજોરે

ગુણીયલ મ્હારી બેન અસહકારી બનજોરે
તમે સાચો સત્યાગ્રહ કરજો — ગુણીયલ
આખા દેશની જેમાં આબાદી રે
પહેરો ખંતથી સરવે ખાદી રે
ત્યારે કહેવાશો સ્વરાજ્ય વાદી — ગુણીયલ. ૧
પારદરશક પરદેશી સાડી રે
પહેરે કાયા તો દીસે ઉઘાડી રે
એવી ફેશન નાંખજો કહાડી — ગુણીયલ ૨

અંગરી પોષાકોને હેનસી ફરાગો રે
બહેનો સરવે એ સત્વર ત્યાગો રે
આરી ભારતની તનયાઓ જાગો ગુણીયલ. ૩

અતી લાડથી જેને ઉછર્યાં રે
જેણે રામ તણાં મન હર્યાં રે
એવાં સીતાએ વનફુળ પહેર્યાં ગુણીયલ. ૪

દેશ ભક્તમાં નામના જેની રે
કીરતી જગમા ગવારોજ તેની રે
એવાં સ્વય સરાજની બહેની ગુણીયલ. ૫

દયા દેશની દીલમાં આણી રે
મુક્યા પરદેશી વસ્ત્રોનાં પાણી રે
એવાં સરલાદેવી ચોધરાણી ગુણીયલ. ૬

બેની અનસુયાનાં જોઇ કામોરે
લીધો ભારતી માયે વીસામોરે
પ્રસન્ન થઇ કહ્યું સ્વરાજ્ય પામો ગુણીયલ ૭

જેનાં માત પીતા હશે એકરે
વળી કુળમાં હશે જો વીવેકરે
તેતો રાખશે સાચો આ ટેક ગુણીયલ. ૮

કુળવંતીને ઝાઝું શું કહીએરે
હવે આટલેથી છાનાં રહીએરે
જરા સમજે તેને શીખ કહીએ ગુણીયલ, ૯
એનો માટી તમારી આ ખામીરે
જોઈ ભારતી લજ્જા પામીરે
કવી રાવ કહે શીર નામી ગુણીયલ. ૧૦

લેખક—અંબાલાલ પહુંલાદજી રાવ કવી નડીઆદ

ગરબો

રાગ—રઘુપતી રામ હૃદેમાં રહેજોરે

સુણો બ્હેની આ સમે શીખ સારી રે,
સુખ સાચું છે સાદાઈ માંહી. સુણો ૧
મોજ શોખને વૈભવ છોડો રે,
દેશ સેવામાં મનડુ જોડો રે,
હિન્દ માતાના બંધન તોડો, સુણો. ૨

પહેરો પ્રેમે પનોતી ખાદી રે
એમાં હિન્દ તણી આબાદી રે
પરદેશી પહેર્યે બરબાદી   સુણો ૩

રેંટીયા ઘરઘરમાંહી ચલાવો રે,
કજીયા ને ટંટા અટકાવો રે,
સોંઘા લક્ષ્મી લુટતી બચાવો   સુણો. ૪

રેંટીઓ [illegible] ગામી હઠાવે રે.
વેર ઝેર [illegible] ના ફાવે રે.
દુઃખ દારિદ્ર દૂર જાવે   સુણો ૫

દુ:ખીયાની આંતરડી ઠારો રે,
મરેલાને વધુ ના મારો રે.
રેંટીઆથી દેશને તારો,   સુણો. ૬

૧૦

સ્વરાજ્ય લેવું સહેલ છે એ રાગ

પરદેશી કાપડ છોડો ને સુંદર ખાદી પહેરો, મારા
ભાઇઓ ગાંધી છોડાવવા મહેનત કરજો.

અપકાને ભાન [illegible] ને જાડી [illegible] નેપરદેશી મારા

આળસ [illegible] ત્યાગી રેંટી [illegible] ખીલી [illegible] મારા

ખાદીની ધુન લગાડો ખાદીનું તાન [illegible] મારા

અહીં તાકાત [illegible] સૌને [illegible] કરજો, મારા

ઘરમાં સૌને [illegible] ખાદીનો મંત્ર પઢાવો મારા

વિવાહ કે મરણ ટાણે [illegible] વાપરજો કાંણે મારા

શાળ સર [illegible] છોડાવો એની ગુલામી મારા

વણનારો તાણો [illegible] અંત્યજને [illegible] મારા

સભામાં આજે સૌ પહેલા મન રાખો નહી મેલા મારા

મર્યાદા મોટી છોડી પામર [illegible] તોડો મારા

હિંદમાતા જાણો ભાઈઓના દુઃખ ટાળો મારા

જાહેર ખબર.

હમારે ત્યાં શાસ્ત્રીય પુસ્તકો તથા ચોપાનિયાં સરખા હિસાબે કીફાયત ભાવે મળશે, અને થોડા વખતમાં મહાનો ભાગ ... કુંવારી કન્યા ઉપર કરેલા કાળા કેર ભાગ ૧લે બહાર પડશે. હરેક ભાગની કીમત ૦—૧૦ રાખવામાં આવીછે. રૂ. ૧) થ[illegible]ાછું વી. પી. કરવામાં આવશે નહિ

મળવાનું ઠેકાણું.

શાહ. ભટની કંપની,

માંડવીની પોળમાં શેઠની પોળ નં. ૩૪

અમદાવાદ.